

# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

(૧) પરિષદ અંતર્ગત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૩-૬-૨૦૦૯ના રોજ શ્રી નિરંજન ભગતે 'ટાગોર અને રાષ્ટ્રવાદ' વિશે વક્તવ્ય આપ્યું. રવીન્દ્રનાથે વિદેશોમાં રાષ્ટ્રવાદ પર આપેલાં વ્યાખ્યાનોમાં રજૂ થતાં તેમના રાષ્ટ્રવાદ વિશેના વિચારોને આધારે આ વક્તવ્ય થયું હતું.

(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ અને અમરેલીની કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે સર્જક શ્રી જનક ત્રિવેદીની સ્મૃતિમાં 'વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા'નો પ્રથમ કાર્યક્રમ સર્જકની જન્મતિથિએ, શ્રી હરિકૃષ્ણ પાઠકની અધ્યક્ષતામાં તા. ૧૦-૬-૦૯ના રોજ અમરેલી મુકામે યોજાઈ ગયો.

(૩) ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર – વિવેચક શ્રી જયંત ગાડીત અને કવિ રણજિત પટેલ – 'અનામી'ના અવસાન નિમિત્તે તા. ૧૬-૬-૦૯ની સાંજે સ્વાધ્યાય અને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં યોજવામાં આવ્યો હતો. શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા, શ્રી રમણ સોની, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી મહેશ દવે તથા શ્રી રઘુવીર ચૌધરીએ સદ્‌ગત સર્જકોને અંજલિ અર્પણ કરી.

### મુંબઈમાં બહેનો માટે બાળસાહિત્યની કાર્યશાળા

એનીબહેન સરૈયા લેખિકાપ્રોત્સાહન નિધિના ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'લેખિની'ના સહયોગમાં નિઃશુલ્ક કાર્યશાળાનું આયોજન ૩૦મી મેના રોજ કરવામાં આવ્યું હતું. બાળસાહિત્યના જાણીતા લેખક ઉદયન ઠક્કરે દેશપરદેશની જાણીતી બાળવાર્તાઓ વિષે વાત કરી બહેનોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રશ્નોત્તરી બાદ ધીરુબહેન પટેલ, વર્ષા અડાલજા અને મીનળ દીક્ષિતે બહેનોને સર્જનપ્રક્રિયા વિષે વાત કરી હતી. ઘણી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સરસ કૃતિઓની રચના કરી હતી.

### વાર્તાસ્પર્ધાના વિજેતા સર્જકોને ઇનામવિતરણ તથા સર્જક સન્માન સમારોહ

સર્જકોની સિસૃક્ષાને સંકોરવાના ઉપક્રમે ભાવનગરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત અને ભાવનગર ગદ્યસભા સંચાલિત સર્જકસંવાદ આયોજિત વાર્તાસ્પર્ધાના વિજેતા સર્જકોને ઇનામવિતરણ તથા તમામ સર્જકોને પ્રમાણપત્ર વિતરણ કરવા માટે રવિવાર તા. ૧૪-૬-૦૯ના રોજ બી.એમ. કૉમર્સ સ્કૂલના સભાખંડમાં સર્જક સન્માન સમારોહ યોજવામાં આવેલ હતો. પ્રારંભે સંયોજક અજય ઓઝાએ સર્જકોનું શાબ્દિક સ્વાગત કરીને ભૂમિકા બાંધી હતી. સર્જકોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમમાં તમામ વાર્તાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ પ્રથમ એકથી પાંચ ક્રમે આવેલ વાર્તાકારોને ઇનામવિતરણ કરવામાં આવ્યું હતું. વાર્તાસ્પર્ધામાં પ્રથમ કૃતિ 'સંજુ દોડ્યો' લે. નીલમ દોશી (અમદાવાદ), દ્વિતીય કૃતિ 'કાઠું વરહ' લે. કલ્પેશ પટેલ (ગાંધીનગર), તૃતીય કૃતિ 'હીંચકો' લે. ગુણવંત વ્યાસ (આણંદ), ચોથા ક્રમે 'માનો ખોળો' લે. સતીશ વૈષ્ણવ (અમદાવાદ) અને પાંચમા ક્રમે 'સંભાવનાઓ : એક કેસ ફાઈલની' લે. દક્ષા સંઘવી (ગાંધીધામ)ની પસંદગી થઈ હતી. નિર્ણાયક તરીકે શ્રી માય ડિયર જયુ તથા ડૉ. મહેન્દ્રસિંહ પરમારે સેવાઓ આપી હતી. ત્યાર બાદ પ્રથમ આવેલ કૃતિનું પઠન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્જકોએ પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યા હતા. ત્યારબાદ વાર્તાસ્પર્ધાના નિર્ણાયકો સર્વ શ્રી માય ડિયર જયુ તથા મહેન્દ્રસિંહ પરમારનું સન્માન તથા સ્પર્ધાની વાર્તાઓમાંથી પસાર થતાં મળેલ અનુભવ વિશે એમનું વક્તવ્ય રજૂ થયું હતું. અંતમાં કાર્યક્રમના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર પટેલે સર્જકોને સંબોધીને સુંદર વાતો રજૂ કરી હતી. સમારોહનું સંચાલન અજય ઓઝાએ તેમજ ઋણસ્વીકાર નીતિન ત્રિવેદીએ સંભાળેલ. સમારોહ માટે બી.એમ. કૉમર્સ સંસ્થા તેમજ ગદ્યસભાના સભ્યો શ્રી ધનરાજભાઈ કોઠારી, નટવર વ્યાસ, રમેશ પુરબીયા, હેમલ મહેતા, તેમજ લેખક મંડળના સંયોજક શ્રી નીતિન ત્રિવેદીનો સુંદર સહયોગ સાંપડ્યો હતો.

– **અજય ઓઝા**

સંયોજક : સર્જકસંવાદ, ભાવનગર

### શ્રી જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા

વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન વાર્તાકારના શહેર અમરેલીમાં તા. ૧૦-૩-૦૯ના રોજ પ્રતાપરાય આર્ટ્સ અને કમાણી સાયન્સ કૉલેજના સહિયોગથી યોજવામાં આવ્યું હતું. વરિષ્ઠ સાહિત્યસર્જકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને નવોદિત વાર્તાકાર-કવિઓ અને જનક નાયકના મિત્રો તથા કુટુમ્બીજનો ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમના સંચાલક રાજેન્દ્ર પટેલે પરિષદની આ વ્યાખ્યાનમાળાની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. કૉલેજના આચાર્ય વિરાણી સાહેબે સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું તથા આ વ્યાખ્યાન માટે પરિષદ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

પ્રથમ બેઠકના પ્રથમ વક્તા અજિત ઠાકોર હતા. એમણે 'સાંપ્રત ગુજરાતી ટૂંકી વાર્તા' વિષયક ખૂબ ઊંડાણભર્યો અભ્યાસ રજૂ કર્યો હતો. ગુજરાતી ટૂંકી વાર્તાના પાંચ પ્રવાહો અને એની અંતર્ગત એ પ્રવાહોના મુખ્ય સર્જકોની કૃતિ લઈને ઝીણવટભર્યો આલેખ રજૂ કર્યો હતો. ત્યારબાદ વાર્તાકાર કિરીટ દૂધાતે એમની વાર્તા 'ભૂત'નું સુંદર પઠન કર્યું હતું. અધ્યક્ષસ્થાનેથી પરિષદ ઉપપ્રમુખ હરિકૃષ્ણ પાઠકે જનક ત્રિવેદીની વાર્તાકળાને યાદ કરી, વ્યક્તિ જનક ત્રિવેદીની સાહિત્યિક અને સામાજિક નિસબત દર્શાવી હતી.

બીજી બેઠકના પ્રથમ વક્તા ભરત મહેતાએ જનક ત્રિવેદીની વાર્તાઓ વિશે વાત કરી હતી. વિવિધ વાર્તાઓના દૃષ્ટાંત દ્વારા વાર્તાકાર જનક ત્રિવેદીની વિશિષ્ટ છબિ ઉપસાવી હતી. બીજા વક્તા મહેન્દ્રસિંહ પરમારે જનક ત્રિવેદીના નિબંધસંગ્રહ 'મારો અસબાબ'ના નિબંધોની નિબંધકળા વિશે વાત કરી નિબંધના અંશોનું પઠન કર્યું હતું. અધ્યક્ષસ્થાનેથી હરિકૃષ્ણભાઈએ જણાવ્યું કે જનક નાયકની વાર્તાઓ અને નિબંધ પામવા માટે બંને સ્વરૂપો એકબીજાને પૂરક છે. અંતે જનક ત્રિવેદીની પત્ની સરોજબહેને બધા માટે ભાવભર્યો આભાર વ્યક્ત કર્યો હતો. 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક હર્ષદ ત્રિવેદીએ જનક ત્રિવેદીની ડાયરીના પ્રકાશ અંગે આયોજન કર્યું હતું અને સર્જક અને એના સર્જન પ્રતિ પ્રતિબદ્ધતા વર્ણવી હતી. આખા દિવસનો આ કાર્યક્રમ એક રીતે 'વાર્તાકાર જનક નાયક ત્રિવેદી વ્યાખ્યાન'શ્રેણીનો પ્રથમ વિશિષ્ટ કાર્યક્રમ બની રહ્યો હતો.